ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૦૪.૦૪.૨૦૧૯

-----------

## ચોકીદાર ખાતો નથી અને ખાવા દેતો નથી એટલે કોંગ્રેસ અને મહાગઠબંધનને પેટમાં દુખે છે - શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

## કોંગ્રેસ પાસે નથી નીતિ કે નથી નિયત, કોંગ્રેસના લોકો આતંકવાદીઓને આશરો આપી બિરયાની પીરસનારા છે - શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

## મહાગઠબંધન એ મજબૂરીનું ગઠબંધન છે - શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

## કાશ્મીર એ ભારતનું અવિભાજ્ય અંગ છે, અને અમારા જીવનની ક્ષણક્ષણ અખંડ ભારતની સુરક્ષા અને સલામતિ માટે ન્યોછાવર છે - શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

## શ્રી નરેન્દ્રભાઇ મોદીના પારદર્શક વહીવટ અને સુશાસનના પરિણામે દેશના ૧૭ રાજ્યોમાં ભાજપા અને એન.ડી.એ.ની સરકાર બની છે - શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

## કોંગ્રેસ ભ્રષ્ટાચારમાં તરબોળ છે, ત્યારે આપણાં રાષ્ટ્રભક્ત શ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં ભ્રષ્ટાચારનો એકપણ આરોપ લાગ્યો નથી - શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

## કોંગ્રેસ માત્ર વાયદાઓ જ કરે છે, ત્યારે ભાજપાએ જે કીધુ છે એ કર્યું છે - શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

ગુજરાત રાજ્યના મુખ્મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી બનાસકાંઠા લોકસભા સીટના ઉમેદવાર શ્રી પરબતભાઇ પટેલના નામાંકન સમયે ઉપસ્થિત રહ્યાં હતાં. તે પૂર્વે એક વિશાળ રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે કેન્દ્રિય મંત્રીશ્રી હરીભાઇ ચૌધરી, પ્રદેશ મહામંત્રીશ્રી કે. સી. પટેલ, પૂર્વ મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરી, બનાસકાંઠા જિલ્લાના ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, વર્તમાન સાંસદ શ્રી લીલાધરભાઇ વાઘેલા, વિવિધ ગામોના સરપંચશ્રીઓ અને વિવિધ સમાજના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ એક વિશાળ જનમેદનીને સંબોધતાં જણાવ્યું હતું કે, આજે જ્યારે બનાસકાંઠામાંથી આદરણીય શ્રી પરબતકાકા નામાંકન દાખલ કરવાના છે, એટલે કોંગ્રેસનો સફાયો નિશ્ચીત છે, એવું બનાસકાંઠા જિલ્લાની આમ જનતામાં સંભળાઇ રહ્યું છે. બનાસકાંઠા જિલ્લાના જન પ્રતિનિધીરૂપે હંમેશા પ્રજાની વચ્ચે રહે તેવા ઉમેદવાર અમે પરબતકાકા રૂપે આપ્યાં છે.

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




એક તરફ ચોકીદાર છે, તો બીજી તરફ ચોરોની જમાત છે, મહાગઠબંધનના લોકો ચોકીદારને ચોર કહે છે, પરંતુ આપણે ગુજરાતમાંથી ઈ.વી.એમ. કમળોથી ભરી દઈ સાબિત કરી આપવાનું છે કે, ચોકીદાર ચોર નથી, પણ ચોકીદાર શ્યોર અને પ્યોર છે. ચોકીદાર ખાતો નથી અને ખાવા દેતો નથી એટલે કોંગ્રેસ અને મહાગઠબંધનને પેટમાં દુખે છે. દેશની જનતાએ નક્કી કરવાનું છે, કે વડાપ્રધાન કોને બનાવવા છે. કોંગ્રેસ પાસે નથી નીતિ કે નથી નિયત. કોંગ્રેસના લોકો આતંકવાદીઓને આશરો આપી બિરયાની પીરસનારા છે, જ્યારે બીજી તરફ ભાજપા આતંકવાદીઓનો ખાત્મો કરવા માટે પ્રતિબધ્ધ છે. કોંગ્રેસ દ્વારા તેઓના ચૂંટણી ઢંઢેરામાં કહેલું છે કે, અમે સત્તામાં આવીશુ તો કાશ્મીરમાં લાગુ ૩૭૦ની કલમ દૂર નહીં કરીએ. રાજદ્રોહની કલમ અમે કાઢી નાંખીશું. સેનાના કોઈપણ અધિકારી ઉપર સરકારી પૂર્વ મંજુરી વગર કેસ ચલાવવાની મંજુરી આપવામાં આવશે. ત્રાસવાદીઓ ઉપર કરવામાં આવેલ કેસો અમે પરત ખેંચી લઈશું, કોંગ્રેસના આવા નિવેદનો માત્રને માત્ર વોટ મેળવવા માટે દેશની એકતા અને અખંડીતતા તોડવા માટેના છે. મહાગઠબંધન એ મજબૂરીનું ગઠબંધન છે. કાશ્મીર એ ભારતનું અવિભાજ્ય અંગ છે, અને અમારા જીવનની ક્ષણક્ષણ અખંડ ભારતની સુરક્ષા અને સલામતિ માટે ન્યોછાવર છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના પારદર્શક વહીવટના કારણે દેશના ૧૭ રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટી અને એન.ડી.એ.ની સરકાર બની છે. સેનાનું મનોબળ તુટે તેવા વચનો કોંગ્રેસ આપી રહી છે. સામ પિત્રોડા અને મણિશંકર ઐયર પાકિસ્તાન નિર્દોષ છે તેમનો કોઈ વાંક નથી તેમ જણાવે છે, જે તેમનો પાકિસ્તાન પ્રત્યેનો પ્રેમ સાબિત કરે છે. સમગ્ર દેશ અને દુનિયાએ જ્યારે સેનાની વિરતાને બિરદાવી છે, ત્યારે કોંગ્રેસ સર્જીકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈકની સાબિતી માંગે છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પ્રથમ વખત આતંકવાદને લલકારવામાં આવ્યો છે, ભારતીય સેનાના પરાક્રમથી પાકિસ્તાન ફફડી ગયું છે. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં પરિણામ બાદ ભાજપા અને એન.ડી.એ.ની સરકાર દેશમાં રચાશે ત્યારે પાકિસ્તાનમાં માતમ છવાશે. ભારતની જનતાએ પાકિસ્તાનને પાઠ ભણાવવા અને આતંકવાદ સામે કડક કાર્યવાહી કરવા માટે રાષ્ટ્રભક્ત એવા શ્રી નરેન્દ્રભાઈ મોદીને મજબૂત બનાવવા માટે આપણે ગુજરાતમાંથી ૨૬ માંથી ૨૬ કમળો મોકલવાનાં છે.

કોંગ્રેસ અને યુ.પી.એ.ના શાસનમાં આતંકવાદીઓને છોડી મૂકવામાં આવતાં હતાં. વારંવાર આતંકવાદીઓ હુમલાઓ થતાં હતાં, ત્યારે કોંગ્રેસના અધ્યક્ષા શ્રીમતી સોનીયા ગાંધી અને મુક વડાપ્રધાન શ્રી મનમોહનસિંહ કોઈપણ જાતના નિવેદનો આપવાના બદલે હમ દેખેંગે, હમ સોચેંગે તેવું કહેતા હતાં. આવા લોકો પાસેથી દેશ શું આશા રાખે ?

૨૦૧૪ પહેલાં કોંગ્રેસ અને યુ.પી.એ.ના શાસનમાં ગરીબોનું શોષણ જ કરવામાં આવ્યું છે, દેશને લુટ્યો છે. જ્યારે નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં જનધન યોજના થકી ગરીબોના ખાતા ખોલાવ્યાં છે અને તેમને મળતી સહાય સીધે સીધા તેમના ખાતામાં જમા કરવામાં આવે છે, જેનાંથી વચેટીયાઓનો ધંધો હંમેશા માટે બંધ થઈ ગયો છે. ઉજ્જવલા યોજના, ઉજાલા યોજના, જનધન યોજના, આયુષ્યમાન ભારત યોજના, શૌચાલય યોજના જેવી સફળ યોજનાઓ અમે ગરીબોને આપી છે. આયુષ્યમાન યોજના થકી ૫ લાખ રૂપિયાની સહાય લાભાર્થીઓને આપવામાં આવે છે. કોંગ્રેસના શાસનમાં દેશના ગરીબો વધુને વધુ ગરીબ બન્યાં છે. કોંગ્રેસ ભ્રષ્ટાચારમાં તરબોળ છે, ત્યારે આપણાં રાષ્ટ્રભક્ત નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં એકપણ ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો નથી. કોંગ્રેસ માત્ર વાયદાઓ જ કરે છે, ત્યારે ભાજપા એ જે કીધુ છે એ કર્યું છે. દિલ્હીમાં પહેલીવાર એક ઈમાનદાર સરકાર બની છે, ત્યારે આ જ સરકારને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં નાત-જાતના ભેદભાવ ભૂલી આ ઐતિહાસિક લોકતંત્રના પર્વમાં દેશને મજબૂત હાથમાં સોંપવા અને શ્રી નરેન્દ્રભાઈ મોદીને વડાપ્રધાન બનાવવા માટે બનાસકાંઠા લોકસભા સીટ ઉપરથી જંગી બહુમતી સાથે શ્રી પરબતભાઈ પટેલને વિજયી બનાવવા અપીલ કરી હતી.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા. ૦૪.૦૪.૨૦૧૯

**આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની ઉપસ્થિતિમાં મહેસાણા લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવાર શ્રીમતી શારદાબેન પટેલે નામાંકન પત્ર ભર્યું.**

-----------

**ભાજપાના લાખો કાર્યકર્તાઓએ તડકામાં રહીને જે અથાગ પરિશ્રમ કર્યો છે તેના કારણે જ આજે ભાજપા વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના રોમ-રોમમાં રામ અને ભારત માતા છે,**
**જ્યારે સામે પક્ષે કોંગ્રેસના રોમેરોમમાં 'ઇટાલી અને રોમ' છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**ભાજપા માટે સત્તા એ સેવાનું માધ્યમ છે જ્યારે કોંગ્રેસ માટે સત્તા એ ભોગ-વિલાસનું સાધન છે**
**– શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**માં ભારતીને પરમ વૈભવના શિખરે લઇ જવા દૈદિપ્યમાન ભારતના નિર્માણ માટે, સમૃધ્ધ ભારત માટે અને ભારતને સોનાની ચિડીયા બનાવવા માટે શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સરકાર બનાવવી અતિઆવશ્યક છે**
**– શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**સમગ્ર ગુજરાત અને ખાસ કરીને મહેસાણાની જનતા માટે ગૌરવની વાત છે કે,**
**મહેસાણા જીલ્લાએ સમગ્ર દેશ અને વિશ્વને નેતૃત્વ પૂરુ પાડી શકે તેવા નેતા આપ્યા છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**જ્ઞાતિજાતિ કે ઉંચનીચના વાડામાં પડ્યા સિવાય ગુજરાતના તમામ સમાજોએ ભાજપાને સાથ-સહકાર આપ્યો છે**
**– શ્રી નીતિનભાઇ પટેલ**

-----------

**સૌ સાથે મળીને આગળ વધીએ તેવી ભાવના પ્રજામાં જાગી છે ત્યારે**
**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનું 'સૌનો સાથ, સૌનો વિકાસ' સુત્ર યથાર્થ થઇ રહ્યુ છે - શ્રી નીતિનભાઇ પટેલ**

-----------

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ આજરોજ મહેસાણા લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવાર શ્રીમતી શારદાબેન પટેલના નામાંકન સમયે ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રીમતી શારદાબેન પટેલના નામાંકન સમયે સાંસદ શ્રીમતી જયશ્રીબેન પટેલ, ભાજપાના પ્રદેશ અગ્રણીશ્રીઓ, જીલ્લા/મહાનગરના પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યો અને ભાજપાના હજારો સંનિષ્ઠ કાર્યકરોની ઉપસ્થિતીમાં એક ભવ્ય રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણીએ મહેસાણા ખાતે વિશાળ જનસભાને સંબોધતા જણાવ્યું હતું કે, ભાજપાના લાખો કાર્યકર્તાઓએ તડકામાં રહીને જે અથાગ પરિશ્રમ કર્યો છે તેના કારણે જ આજે ભાજપા વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના નેતૃત્વમાં દેશભરમાં આજે પંચાયત થી લઇ પાર્લામેન્ટ સુધી ભાજપાનો ભગવો લહેરાયો છે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, ભાજપા માટે સત્તા એ સેવાનું માધ્યમ છે જ્યારે કોંગ્રેસ માટે સત્તા એ ભોગ-વિલાસનું સાધન છે. કોંગ્રેસને પ્રજાના પ્રશ્નો સાથે કાંઇ લેવાદેવા નથી.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના રોમ-રોમમાં રામ અને ભારત માતા છે, જ્યારે સામે પક્ષે કોંગ્રેસના રોમેરોમમાં 'ઇટાલી અને રોમ' છે. આ ચૂંટણીનો મુખ્ય મુદ્દો એકજ છે કે, દેશ કોના હાથમાં સલામત છે ? નાગરિકો પાસે બધું જ હોય પણ સુરક્ષા-સલામતિ ન હોય તો શું જીવી શકાય ? એક તરફ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના રૂપમાં એક નિર્ણાયક નેતૃત્વ છે જ્યારે બીજી તરફ આતંકીઓ વિરુધ્ધ સેના દ્વારા કરવામાં આવેલ એક્શન સામે પુરાવા માંગીને આતંકવાદીઓને છાવરનારા લોકો છે. ત્યારે દેશની જનતા શ્રી નરેન્દ્રભાઇને ફરી એક વખત દેશનું સુકાન આપવાનું મન બનાવી ચૂકી છે. આતંકવાદ સામે લડવા ૫૬ની છાતી અને મોતને હાથમાં લેવાની તાકાત જોઇએ.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની રગેરગમાં દેશદાઝ છે. ૧૯૯૨માં જ્યારે આતંકવાદીઓએ કહ્યું હતુ કે, 'માનુ દૂધ પીધુ હોય તો કાશ્મીરમાં ભારતનો ધ્વજ ફરકાવી બતાવો' ત્યારે તંગદીલીભર્યા વાતાવરણમાં બોમ્બધડાકા થઇ રહ્યા હતા ત્યારે ચારે તરફ ભયનો માહોલ હતો ત્યારે ભારત માતાના લાલ એવા મોદીજીએ આતંકવાદીઓનો આ પડકાર ઝીલ્યો હતો અને નિર્ણય કર્યો હતો કે તેઓ ભારત માતા માટે ખપી જશે પણ ધ્વજ તો ફરકાવીને જ રહેશે. અને ત્યારબાદ તેઓએ કાશ્મીરમાં જઇ શ્રીનગરના લાલચોકમાં ત્રિરંગો ફરકાવ્યો હતો અને આતંકવાદીઓને સણસણતો જવાબ આપ્યો હતો.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, જેમની માતાએ આખું જીવન ૧૦X૧૦ ની ઓરડીમાં વિતાવ્યું હોય, જેમનો પરીવાર આજે એક સામાન્ય નાગરિકની જેમ જીવન ગુજારતો હોય એવા શ્રી નરેન્દ્રભાઇની પ્રમાણિકતા અને નિષ્ઠા ઉપર પ્રશ્ન ઉઠાવતી કોંગ્રેસને શરમ આવવી જોઇએ. શરમની વાત એ છે કે જેઓએ બાળપણથી જ ગરીબી જોઇ નથી મોટા રાજઘરાનામાં જન્મ લીધો છે તેવા લોકો આજે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ઉપર પાયા વગરના જુઠ્ઠા આરોપો લગાવી રહ્યા છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની વિદેશનીતિના વખાણ કરતાં શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, મોદીજી જાપાન, ચાઇના, ઇઝરાયેલ, રશીયા, અમેરિકા સહિતના અનેક દેશોમાં જઇને ભારતના હિતની વાત કરી છે તેમજ ભારતના સાંસ્કૃતિક વારસાને વિશ્વસ્તરે ઓળખ આપી છે. ભૂતકાળમાં જ્યારે દેશના પ્રધાનમંત્રીઓ વિદેશમાં જતા તો તેમની કોઇ નોંધ લેતું નહોતુ અને આજે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી વિદેશમાં વાયુસેનાના વિમાનમાંથી ઉતરે ત્યારે દેશની ૧૩૦ કરોડ જનતા જાણે સિંહ ઉતરી રહ્યો હોય તેવી અનુભૂતિ અને ગર્વ અનુભવે છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશને વૈશ્વિક સ્તરે આગવી ઓળખ અપાવી છે. દેશને સારી રીતે ચલાવવા શ્રી નરેન્દ્રભાઇ મોદી જેવા નેતા જોઇએ, ગંગુતેલી જેવા નેતા ન ચાલે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, ગત વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ અને તેની 'બી ટીમ'એ એવો માહોલ ઉભો કર્યો હતો કે મહેસાણા જીલ્લો તો આંદોલનનું એ.પી.સેન્ટર છે. પરંતુ જીલ્લાની જનતાએ મોટાભાગની બેઠકો ઉપર ભાજપાના ઉમેદવારોને વિજય અપાવ્યો હતો અને કોંગ્રેસને પોતાનું સ્થાન બતાવી દીધુ હતુ. તેઓએ જણાવ્યુ હતુ કે, સમગ્ર ગુજરાત અને ખાસ કરીને મહેસાણાની જનતા માટે ગૌરવની વાત છે કે મહેસાણા જીલ્લાએ સમગ્ર દેશ અને વિશ્વને નેતૃત્વ પૂરુ પાડી શકે તેવા નેતા આપ્યા છે.

ભાજપાનો એકજ નારો રહ્યો છે 'ના પ્રાંતવાદ, ના જાતિવાદ ફક્ત ભારતવાદ અને રાષ્ટ્રવાદ' માં ભારતીને પરમ વૈભવના શિખરે લઇ જવા દૈદિપ્યમાન ભારતના નિર્માણ માટે, સમૃધ્ધ ભારત માટે, ભારતને સોનાની ચિડીયા બનાવવા માટે શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સરકાર બનાવવી અતિઆવશ્યક છે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, મહેસાણા લોકસભા બેઠક ઉપર શ્રીમતી શારદાબેન પટેલને ઐતિહાસિક લીડથી જીત અપાવવા માટે હાકલ કરી હતી અને ગુજરાતના પૂર્વમંત્રીશ્રી અનિલભાઇ પટેલનું સ્મરણ કરી ભાવાંજલી અર્પી હતી. ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો ઉપર ભાજપા ભવ્ય વિજય મેળવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે ભાજપાના ઉમેદવાર શ્રીમતી શારદાબેન પટેલને શુભેચ્છા પાઠવતાં જણાવ્યુ હતુ કે, સેવાભાવી, સંસ્કારી, શિક્ષણપ્રેમી અને જેના લોહીમાં જ જનસેવા રહેલી છે અને જેમનો સમગ્ર પરીવાર સમાજસેવા સાથે જોડાયેલો રહ્યો હોય ત્યારે આપણા સૌની ફરજ છે અને ઋણ ચૂકવવાનો એક અનેરો અવસર મળ્યો છે તેમ જણાવીને શ્રીમતી શારદાબેન પટેલને ઐતિહાસિક લીડથી જીત અપાવવા કાર્યકર્તાઓને હાકલ કરી હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ અંતમાં જણાવ્યુ હતુ કે, જ્ઞાતિજાતિ કે ઉંચનીચના વાડામાં પડ્યા સિવાય ગુજરાતના તમામ સમાજોએ ભાજપાને સાથ-સહકાર આપ્યો છે અને સૌ સાથે મળીને આગળ વધીએ તેવી ભાવના પ્રજામાં જાગી છે આથી સ્પષ્ટ છે કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનું 'સૌનો સાથ, સૌનો વિકાસ' સુત્ર યથાર્થ થઇ રહ્યુ છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ